ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

# અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોનો રોજગારીમાં ફાળાનો એક અભ્યાસ

## (ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં )

સંશોધન કર્તા

**Odedra Haja D.**
**M.A.,M.Phil,Ph.D Scholars**
**Economics Department**
**Saurashtra University Rajkot**

**Abstracts:-**

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

અર્થતંત્રમાં વિવિધ ક્ષેત્રો ભારતમાં કુલ રોજગારીમાં કેટલો ફાળો આપે છે, તે મહત્વનુ છે. રોજગારી પૂરી પાડવામાં કોઈ ક્ષેત્રેનું મહત્વ પણ આંકી શકાય છે. તેથી તેના લીધે એ પણ જાણી શકાય છે કે દેશનો આર્થિક વિકાસ કઈ દિશામાં થઈ રહ્યો છે અને દેશ કેવી ટેકનોલોજી દ્વારા વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરી રહ્યો છે. 1972-73 માં 74% ટકા લોકો ખેતી ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત કરતાં હતા. પણ 2007-08માં તે પ્રમાણ ઘટીને 55.9 ટકા થયું હતું. આમ ઉત્પાદનની કે આવકની દ્રષ્ટિએ ભલે દેશ ખેતીપ્રધાન ના હોય પણ રોજગારીની દ્રષ્ટિએ દેશ છે ખેતીપ્રધાન છે. જ્યારે વર્ષ 2007-08 માં ઉધોગક્ષેત્રે નું રોજગારીમાં પ્રમાણ 18.7 ટકા જેટલું જોવા મળે છે. જ્યારે સેવાક્ષેત્રે નું રોજગારી પ્રમાણ વર્ષ 2007-08 માં 25.4 ટકા જેટલું જોવા મળે છે. આમ ભારતમાં વિવિધ ક્ષેત્રોનું રોજગારીમાં પ્રમાણ જોવા મળે છે.

[1]પ્રસ્તાવના:-

કોઈ પણ દેશના અર્થતંત્રને સામાન્ય રીતે ત્રણ ક્ષેત્રોમાં વહેચવામાં આવે છે. ખેતી ઉધોગ, સેવાઓ આ ત્રણેય ક્ષેત્રોમાંથી દેશની રાષ્ટ્રીય આવકમાં કેટલો ફાળો પ્રાપ્ત થાય છે.તેને આધારે જે તે ક્ષેત્રેનું મહત્વ અંકાય છે. જે ક્ષેત્રનો ફાળો કોઈ દેશના અર્થતંત્ર વધારે છે તે દેશમાં તે ક્ષેત્રેનું મહત્વ વિશેષ છેએમ કહેવાય. એ જ રીતે દેશના અર્થતંત્રમાં ઉપરોક્ત ત્રણ ક્ષેત્રોમાં થી કોઈ ક્ષેત્રે કુલ રોજગારીમાં કેટલો ફાળો આપે છે એ પણ અગત્યનું છે. ઉત્પાદન અને-રોજગારી એ બંનેને આધારે સામાન્ય રીતે કોઈ દેશ ખેતીપ્રધાન, ઉધોગ પ્રધાન કે સેવાપ્રધાન કહેવાય છે, અહી આપણેવિવિધ ક્ષેત્રેની વાત કરીયે તો 1972-73 માં 74% ટકા લોકો ખેતી ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત કરતાં હતા. પણ 2007-08માં તે પ્રમાણ ઘટીને 55.9 ટકા થયું હતું. આમ ઉત્પાદનનીકે આવકની દ્રષ્ટિએ ભલે દેશ ખેતીપ્રધાન ના હોય પણ રોજગારીની દ્રષ્ટિએ દેશ છે ખેતીપ્રધાન છે. જ્યારે વર્ષ 2007-08 માં ઉધોગક્ષેત્રે નું રોજગારી પ્રમાણ 18.7 ટકા જેટલું જોવા મળે છે. જ્યારે સેવા ક્ષેત્રે નું રોજગારી પ્રમાણ વર્ષ 2007-08 માં 25.4 ટકા જેટલું જોવા મળે છે. આમ ભારતમાં વિવિધ ક્ષેત્રોનું રોજગારીમાં પ્રમાણ જોવા મળે છે. ઉપરોક્ત વલણો જોતાં એમ જણાય છે કે ભારતમાં રોજગારી સર્જનમાં ખેતી ક્ષેત્રેનું મહત્વ ઘટી રહ્યું છે અને અન્ય ક્ષેત્રોનું મહત્વ વધી રહ્યું છે- 1972-2008

ના 25 વર્ષના ગાળા દરમ્યાન ખેતી ક્ષેત્રેનું રોજગારી પ્રમાણ 18.1 ટકા જેટલું ઘટયુ અને ઉધોગ ક્ષેત્રે 7.5 ટકા તથા સેવા ક્ષેત્રે 10.6 ટકા જેટલું વધ્યું છે

1972-1994 ના ગાળા દરમ્યાન ઉધોગ ક્ષેત્રે રોજગારીનું પ્રમાણ 3.1 ટકા જ, વધ્યું હતું સેવા ક્ષેત્રે રોજગારીનું પ્રમાણ 6.4 ટકા જેટલું એટલે કે ઉધોગ ક્ષેત્રે વધ્યું બમણા કરતાં પણ વધારે પ્રમાણ વધ્યું છે.

[2]સંશોધન અભ્યાસના હેતુઓ :-

- ભારતીય અર્થતંત્રની પ્રાથમિક માહિતી મેળવવી
- કૃષિક્ષેત્રે રોજગારીનું પ્રમાણ જાણવું
- ઉધોગક્ષેત્રે રોજગારીનું પ્રમાણ જાણવું
- સેવાક્ષેત્રે રોજગારીનું પ્રમાણ જાણવું

[3 ] સંશોધન અભ્યાસની પરિકલ્પના

- વર્ષ 1972-73 બાદ ખેતીક્ષેત્રે રોજગારીનું પ્રમાણ ઘટતું હોવાની સંભાવના છે
- ઉધોગ ક્ષેત્રે રોજગારીનું પ્રમાણ 12 થી 15 ટકા હોવાની સંભાવના છે
- સેવાક્ષેત્રેનું રોજગારી પ્રમાણ વધતું હોવાની સંભાવના છે

[4]સંશોધન અભ્યાસની પધ્ધતિઓ

સંશોધન લેખ જેવુ મહત્વનુ અને ઝીણવટભર્યું કાર્ય શરૂ કરતાં પહેલા તે શું છે તે સમજવું અત્યંત જરૂરી છે સંશોધકના મનમાં સંશોધનકાર્યનો ખ્યાલ સ્પષ્ટ હોય સમગ્ર કાર્યને બરાબર સમજતો હોય તે જરૂરી છે. તેજ રીતે કોઈ પણ સંશોધન કાર્યમાં સશોધનં પધ્ધ તિ ખુબજ અગત્યની છે. સંશોધન પદ્ધતિ વગર સંશોધન કર્યાનું નિર્માણ થઈ શકે નહીં તેથી પ્રસ્તુત સંશોધન લેખમાં"વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ(Content Analsis Method)" અપનાવવામાં આવી છે.

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

[5]સંશોધન માહિતીનું સ્વરૂપ

- ગૌણ માહિતી
- નિદર્શન પધ્ધતિ ( સમગ્ર સમષ્ટિ )

[6] સંશોધન રચના :

(1) અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોનો રોજગારીમાં ફાળો

અર્થતંત્રમાં વિવિધ ક્ષેત્રો ભારતમાં કુલ રોજગારીમાં કેટલો ફાળો આપે છે, તે મહત્વનુ છે. રોજગારી પૂરી પાડવામાં કોઈ ક્ષેત્રનું મહત્વ પણ આંકી શકાય છે. તેથી તેના લીધે એ પણ જાણી શકાય છે કે દેશનો આર્થિક વિકાસ કઈ દિશામાં થઈ રહ્યો છે અને દેશ કેવી ટેકનોલોજી દ્વારા વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરી રહ્યો છે

ભારતના વિવિધ ક્ષેત્રોમાં રોજગારીનું ટકાવારી પ્રમાણ

| વર્ષ | ખેતી | ઉધોગ | સેવા |
|---|---|---|---|
| 1972-73 | 74.0 | 11.2 | 14.8 |
| 1993-94 | 64.5 | 14.3 | 21.3 |
| 2001-02 | 60.8 | 17.1 | 22.1 |
| 2007-08 | 55.9 | 18.7 | 25.4 |
| 2011-12 | 47.01 | 12.83 | 40.16 |
| 2015-16 | 45.71 | 10.40 | 43.89 |
| સ્રોત : વિવિધ આર્થિક સર્વે, NSSO, લેબર બ્યૂરો, ભારત સરકાર | | | |

1972-73 માં 74% ટકા લોકો ખેતી ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત કરતાં હતા. પણ 2007-08માં તે પ્રમાણ ઘટીને 55.9 ટકા થયું હતું.આમ ઉત્પાદનનીકે આવકનીદ્રષ્ટિએ ભલે દેશ ખેતીપ્રધાનના હોય પણ રોજગારીની દ્રષ્ટિએ દેશ છે ખેતીપ્રધાન છે. જ્યારે વર્ષ 2007-08 માં ઉદ્યોગક્ષેત્રનું રોજગારીમાં

પ્રમાણ 18.7 ટકા જેટલું જોવા મળે છે. જ્યારે સેવાક્ષેત્રે નું રોજગારી પ્રમાણ વર્ષ 2007-08 માં 25.4 ટકા જેટલું જોવા મળે છે. આમ ભારતમાં વિવિધ ક્ષેત્રોનું રોજગારીમાં પ્રમાણ જોવા મળે છે.

ભારતના વિવિધ ક્ષેત્રોમાં રોજગારીનું ટકાવારી પ્રમાણમાં થયેલો ફેરફાર

| વર્ષ | ખેતી | ઉધોગ | સેવા |
|---|---|---|---|
| 1972-2008 | -18.1 | -7.5 | -10.6 |
| 1972-1994 | -10.5 | 3.1 | 6.4 |
| 1972-2002 | -13.2 | 5.9 | 7.3 |
| 1992-2008 | -8.6 | 4.4 | 4.2 |
| 2011-16 | -2.17 | 18.94 | 9.29 |
| સ્રોત : વિવિધ આર્થિક સર્વે,NSSO, લેબર બ્યૂરો ભારત સરકાર | | | |

અહી આપણે વિવિધ ક્ષેત્રેની વાત કરીયે તો 197273 માં 74% ટકા લોકો ખેતી ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત કરતાં હતા. પણ 2007-08માં તે પ્રમાણ ઘટીને 55.9 ટકા થયું હતું.આમ ઉત્પાદનની કે આવકની દ્રષ્ટિએ ભલે દેશ ખેતીપ્રધાન ના હોય પણ રોજગારીની દ્રષ્ટિએ દેશ છે ખેતીપ્રધાન છે. જ્યારે વર્ષ 200708 માં ઉધોગક્ષેત્રે નું રોજગારીમાં પ્રમાણ 18.7 ટકા જેટલું જોવા મળે છે. જ્યારે સેવાક્ષેત્રે નું રોજગારી પ્રમાણ વર્ષ 2007-08 માં 25.4 ટકા જેટલું જોવા મળે છે. આમ ભારતમાં વિવિધ ક્ષેત્રોનું રોજગારીમાં પ્રમાણ જોવા મળે છે. ઉપરોક્ત વલણો જોતાં એમ જણાય છે કે, ભારતમાં રોજગારી સર્જનમાં ખેતી ક્ષેત્રનું મહત્વ ઘટી રહ્યું છે અને અન્ય ક્ષેત્રોનું મહત્વ વધી રહ્યું છે 19722008ના 25 વર્ષના ગાળાદરમ્યાનખેતી ક્ષેત્રનું રોજગારી પ્રમાણ 18.1 ટકા જેટલું ઘટયુ અને ઉધોગ ક્ષેત્રે 7.5 ટકા તથા સેવા ક્ષેત્રે 10.6 ટકા જેટલું વધ્યું છે

ભારતમાં મોટા રાજયોમાં વિવિધ ક્ષેત્રેમાં રોજગારનું પ્રમાણ (2009-10)

| ક્રમ | રાજ્ય | ખેતી | ઉધોગ | સેવા |
|---|---|---|---|---|
| 1 | આંધ્ર પ્રદેશ | 51.2 | 24.5 | 24.3 |
| 2 | આસામ | 62.9 | 9.9 | 27.3 |

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

| | | | | |
|---|---|---|---|---|
| 3 | બિહાર | 63.8 | 15.8 | 20.4 |
| 4 | છતીસગઢ | 63.2 | 22.2 | 14.6 |
| 5 | દિલ્લી | 0.2 | 32.3 | 67.5 |
| 6 | ગુજરાત | 522 | 21.0 | 26.8 |
| 7 | હરિયાણા | 44.8 | 27.3 | 27.9 |
| 8 | હિમાચલ પ્રદેશ | 64.2 | 19.1 | 16.7 |
| 9 | જમ્મુ કશ્મીર | 61.6 | 16.5 | 21.9 |
| 10 | કેરળ | 32.1 | 28.1 | 39.2 |
| સ્ત્રોત NSSO, 66th Round | | | | |

ભારતના મોટાભાગના રાજયમાં ખેતીઉધોગસેવાક્ષેત્રે માથી રોજગારી શો ફાળો આપે છે તેની વિગત આપવામાં આવી છે. 2009-10ની આ વિગત જોતાં જણાય છે મોટાભાગના રાજ્યો એવા છે કે જયા ખેતી ક્ષેત્રેમાંથી 60 ટકા જેટલી રોજગારી મળે છે. જ્યારે ઉધોગક્ષેત્રે અંદાજે 28.3 ટકા જેટલું સરેરાશ ઉત્પાદન થાય છે. તેમજ કેરલ આસામ જેવા રાજયમાં 30 ટકા જેટલું સેવાક્ષેત્રે રોજગારી આપે છે.

VIDHYAYANA

(2) આર્થિક સમીક્ષા2019-20ની મુખ્ય બાબતો

નવી દિલ્હી 04-012020 નાણાં મંત્રાલય

કૃષિ અને ખાદ્ય વ્યવસ્થાપન

- ભારતની વસ્તીનો મોટો હિસ્સો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અન્ય ક્ષેત્રોની તુલનાએ રોજગારીની તકો માટે કૃષિ પર નિર્ભર છે.
- દેશના કુલ મૂલ્ય વર્ધન(GVA)માં બિન-કૃષિ ક્ષેત્રોના હિસ્સાની વૃદ્ધિના કારણે કૃષિ અને સંબંધિત ક્ષેત્રોનો હિસ્સો ઘટી રહ્યો છે. આ વિકાસન પ્રક્રિયાનું સ્વાભાવિક પરિણામ છે.
- 'કૃષિ, વનીકરણ અને મત્સ્ય ઉદ્યોગક્ષેત્રથી વર્ષ2019-20ના બેઝિક મૂલ્યો પરGVAમાં 2.8 ટકાની વૃદ્ધિનું અનુમાન છે.

- કૃષિમાં મશીનીકરણનું સ્તર ઓછુ થવાથી કૃષિ ઉત્પાદકતામાં અવરોધ આવ્યો છે. ભારતમાં કૃષિનું મશીનીકરણ40 ટકા છે જે ચીન (59.5 ટકા) તેમજ બ્રાઝીલ (75 ટકા)ની તુલનાએ ઘણું ઓછું છે.
- ભારતમાં કૃષિ ધિરાણના પ્રાદેશિક વિતરણમાં અસમાનતા
- પર્વતીય અને પૂર્વોત્તર રાજ્યોમાં ઓછુ ધિરાણ (કુલ કૃષિ ધિરાણ વિતરણના1 ટકાથી પણ ઓછું)

- લાખો ગ્રામીણ પરિવારો માટે આવકના બીજા સ્ત્રોત તરીકે પશુધનમાંથી થતી આવક છે
- ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- છેલ્લા 5 વર્ષ દરમિયાન પશુધન ક્ષેત્રમાં CAGRના 7.9 ટકા દરે વધારો થઇ રહ્યો છે.

- વર્ષ 2017-18માં પુરા થયેલા છેલ્લા છ વર્ષ દરમિયાન ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ ક્ષેત્રમાં વધારો થયો
- સરેરાશ વાર્ષિક વૃદ્ધિદર (AAGR) લગભગ5.06 ટકા.
- વર્ષ 2011-12ના ભાવો પર વર્ષ2017-18માં GVAમાં ઉત્પાદન અને કૃષિ ક્ષેત્રનો હિસ્સો અનુક્રમે 8.83 ટકા અને10.66 ટકા રહ્યો.

- વસ્તીના નબળા વર્ગોના હિતોને સુરક્ષિત રાખવાની જરૂરતમાંછે પણ આર્થિક સમીક્ષામાં નીચે દર્શાવેલા ઉપાયોથી ખાદ્ય સુરક્ષાની સ્થિતિમાં સ્થિરતા લાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.
- વધતી ખાદ્ય સબસિડી બિલની સમસ્યા ઉકેલવી.
- NFSA અંતર્ગત દરો તેમજ કવરેજમાં સુધારો કરવો.

ઉદ્યોગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર

- વર્ષ 2018-19 (એપ્રિલ - નવેમ્બર)માં5.0 ટકાની તુલનાએ વર્ષ 2019-20 (એપ્રિલ - નવેમ્બર) દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (IIP) અનુસાર ઔદ્યોગિક ક્ષેત્રમાં0.6 ટકાની વૃદ્ધિ નોંધાઇ છે.
- વર્ષ 2018-19 (એપ્રિલ - નવેમ્બર)ના (-)1.3 ટકાની તુલનાએ વર્ષ2019-20 (એપ્રિલ - નવેમ્બર) દરમિયાન ખાતર ક્ષેત્રમાં4 ટકાનો વધારો નોંધાયો છે.

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

- સ્ટીલ ક્ષેત્રમાં વર્ષ 2019-20 (એપ્રિલ - નવેમ્બર) દરમિયાન 5.2 ટકાની વૃદ્ધિ નોંધાઇ હતી જ્યારે વર્ષ 2018-19 (એપ્રિલ - નવેમ્બર) દરમિયાન 3.6 ટકાની વૃદ્ધિ થઇ હતી.
- 30 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતમાં કુલ ટેલિફોન જોડાણોનો આંકડો 119.43 કરોડ સુધી પહોંચ્યો.
- વીજળીના ઉત્પાદન માટે સ્થાપિત ક્ષમતામાં વધારો થતા 31 ઓક્ટોબર 2019ના રોજ 3,64,960 મેગાવોટ સુધી થઇ જે 31 માર્ચ, 2019ના રોજ 3,56,100 મેગાવોટની ક્ષમતા હતી.
- રાષ્ટ્રીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપાલાઇન સંદર્ભે ટાસ્ક ફોર્સ દ્વારા 31.12.2019ના રોજ બહાર પાડવામાં આવેલા અહેવાલમાં ભારતમાં નાણાકીય વર્ષ 2020થી 2025 દરમિયાન 102 લાખ કરોડ રૂપિયાના કુલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણનું અનુમાન કરવામાં આવ્યું છે.

સેવા ક્ષેત્ર

- ભારતના અર્થતંત્રમાં સેવા ક્ષેત્રનું મહત્વ સતત વધી રહ્યું છે

  - કુલ અર્થતંત્ર અને GVA વૃદ્ધિમાં આનો હિસ્સો 55 ટકા છે.
  - ભારતમાં કુલ FDIનો બે તૃત્યાંશ હિસ્સો છે.
  - કુલ નિકાસનો લગભગ 38 ટકા હિસ્સો છે.
  - 33 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી 15 રાજ્યોમાં GVAમાં સેવા ક્ષેત્રનું યોગદાન 50 ટકાથી વધારે છે.

- વિવિધ ઉચ્ચ-આવર્તન સૂચકાંકો અને એરપેસેન્જર ટ્રાફિક, બંદર અને શિપિંગ નૂર ટ્રાફિક, બેંક ક્રેડિટ વગેરે જેવા ક્ષેત્રીય ડેટા દ્વારા સૂચવ્યા અનુસાર વર્ષ 2019-20માં સેવા ક્ષેત્રની કુલ મૂલ્ય વર્ધિત વૃદ્ધિ મધ્યમ રહી.
- સારું પાસું જોઇએ તો, વર્ષ 2019-20ની શરૂઆતમાં સેવા ક્ષેત્રમાં FDIમાં સારી રિકવરી જોવા મળી.

[7] સંશોધન અભ્યાસના તારણનો

૧. ૧૯૭૨-૭૩ બાદ ખેતીક્ષેત્રે રોજગારીનું પ્રમાણ ઘટતું જોવા મળે છે

૨. ઉધોગક્ષેત્રે રોજગારીનું પ્રમાણ ૧૧ થી ૧૨ ટકા સરેરાશ જોવા મળે છે

૩. જ્યારે ઉધોગક્ષેત્રે વર્ષ ૨૦૦૭-૦૮ માં ૧૭ થી ૧૮ ટકા જોવા મળ્યું હતું જે સૌથી વધુ છે

૪. સેવાક્ષેત્રે ૧૯૭૨-૭૩ બાદ રોજગારીમાં વધારો જોવા મળ્યો છે

૫. ૧૯૭૨ માં સેવાક્ષેત્રે રોજગારી દર ૧૪.૮ હતો જે વધીને ૨૦૧૫-૧૬ માં ૪૩.૮૯ ટકા થયો છે

૬. ઉધોગક્ષેત્રેનો સરેરાશ રોજગારી ૧૨ થી ૧૫ ટકા જોવા મળ્યો છે

૭. સેવાક્ષેત્રે રોજગારી દર સૌથી વધુ ૬૭ ટકા દિલ્લીમાં જોવા મળ્યો છે

૮. ગુજરાતમાં ખેતીક્ષેત્રે રોજગારી 52.2 ટકા જેટલો જોવા મળે છે

૯.ઉધોગમાં રોજગારી નો દર ગુજરાતમાં ૨૧ ટકા જોવા મળ્યો છે

૧૦. સેવાક્ષેત્રે રોજગારીનો દર ૨૬.૮ ટકા જેટલો જોવા મળે છે

૧૧. કેરળમાં સૌથી વધુ ૪૦ ટકા સેવા ક્ષેત્રે રોજગારી મળે છે

આમ પ્રસ્તુત સંશોધન પેપર દ્વારા વર્તમાન સમય ક્યાં ક્ષેત્રે માથી કેટલી રોજગારી મળે છે જાણી શકાય છે.ક્યાં ક્ષેત્રે રોજગારી વધારવાની જરૂર છે તે પણ જોઈ શકાય છે

**Bibliography**

સંદર્ભસૂચિ

1.હેમ્ન્તકુમાર કુમાર શાહ(જૂન 2018) "ભારતીય અર્થતંત્ર" વેદવ્યાસ વિધ્યાપીઠ,પ્રથમ આવુતિ, ગાંધીનગર

2. પ્રો.આતમાન શાહ(2018) "ભારતીય અર્થતંત્ર" , અર્થશાસ્ત્ર વિભાગ ,સેંટ ઝેવિયર્સ કોલેજ,અમદાવાદ

3. આર્થિક સમીક્ષા2018-19, નાણાં મંત્રાલય04-07-2019, નવી દિલ્હી

4. આર્થિક સમીક્ષા2019-20, નાણાં મંત્રાલય01-01-2020, નવી દિલ્હી

5. Economics survey : 2009-10,2015,16

6. CSO, ભારત સરકાર અનેRBI

7. આર્થિક સર્વે,NSSO, લેબર બ્યૂરો,ભારત સરકાર

8. Annual Report to the people on Employment-2010